**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : આરતી ભટ્ટ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 14-05-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

# પ્ર.મંત્રી મોદી-ઉમેદવારીપત્ર

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વારાણસી લોકસભા બેઠક પરથી તેમનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. આ પ્રસંગે તેમની સાથે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઉપસ્થિત રહ્યા હતા.

વારાણસીમાં પહેલી જૂને સાતમા અને અંતિમ તબક્કામાં મતદાન યોજાશે અને તેનાં માટે ઉમેદવારીપત્ર ભરવાનો આજે અંતિમ દિવસ છે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી 2014 અને 2019માં વારાણસી બેઠક પરથી જંગી બહુમતીથી ચૂંટાયા હતા. આજે કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે મહારાજગંજ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર વિરેન્દ્ર ચૌધરીનાં ઉમેદવારી પત્ર ભરવાના પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

**RNU અમદાવાદ**

---

## રામચરિત માસન-યુનેસ્કો

ભારતના પ્રસિધ્ધ અને પ્રાચીન હિન્દુ ધર્મગ્રંથ શ્રી રામચરિત માનસની સચિત્ર પાંડુલિપીઓ અને 15 સદીની પંચતંત્રની દંતકથાઓ સહિત એશિયા પ્રશાંતની 20 ધરોહરને યુનેસ્કોની મેમરી ઓફ ધ વર્લ્ડ રીજનલ રજિસ્ટરમાં સ્થાન મળ્યું છે. એશિયા અને પ્રશાંત માટેની વિશ્વ સ્મૃતિ સમિતિની 10મી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મોંગોલિયાની રાજધાની ઉલાનબટોરમાં 7અને 8 મે દરમિયાન યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## હવામાન વિભાગ-માવઠાની આગાહી

હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરી છે. જેને જોતા કૃષિ વિભાગે ખેડૂતોને કમોસમી વરસાદ સામે પાકનું રક્ષણ કરવા વિવિધ સૂચનાઓ જાહેર કરી છે.

હવામાન વિભાગ અનુસાર મધ્ય પ્રદેશની ઉપર બનેલા ચક્રવાતી અસરને પગલે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં 16 મે સુધી કમોસમી વરસાદ પડી શકે છે. 17 મેથી રાજ્યમાં ફરી ગરમી વધી શકે છે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------

## કૃષિમંત્રી-પાક નુકશાની સર્વે

રાજ્યમાં પડેલા કમોસમી વરસાદને લઈને કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું હતું કે પાક નુકશાની માટેના સર્વે કરાવવાના આદેશ આપી દેવાયા છે.. તેમણે ઉમેર્યું હતું કે હજુ પણ 4 દિવસ વરસાદ ની આગાહીને લઈને અંતિમ સર્વે અહેવાલ 17 મી મે બાદ મંગાવવામાં આવશે.કમોસમી વરસાદ ના કારણે ખેતીવાડી અને બાગાયતી પાકો ને નુકશાન થયુ છે તેમાં બાગયતી પાકોને વધુ નુકસાન થયું હોવાનું તેમણે જણાવ્યું હતું..બાગાયતી પાકોમા કેરીના પાક ને વ્યાપક નુકશાન થયું છે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------

## અવસાન-યોગેન ખત્રી

કચ્છના જાણીતા તસવીરકાર યોગેન ખત્રીનું આજે ભુજ ખાતે અવસાન થયું છે. તેમની વય 65 વર્ષની હતી. જાણીતા સાહિત્ય સર્જક જયંત ખત્રીના પુત્ર  યોગેન ખત્રી અગ્રણી દૈનિક કચ્છ મિત્રના ઘણા વરસો સુધી તસવીર કાર રહ્યા હતા. ફોટોગ્રાફી સોસાયટી સાથે વર્ષોથી સંકળાયેલા હતા.

ચંદ્રવદન પટ્ટણી

------------------------------------------------------------------------

## હજયાત્રી-રસીકરણ

કચ્છ જિલ્લામાંથી પવિત્ર હજની યાત્રા માટે 500થી વધુ મુસ્લિમો હજયાત્રા માટે જશે. હજયાત્રા પર જતા પૂર્વે દરેક હજયાત્રીને રસીકરણ કરવાનું હોય છે. સાઉદી આરબીયામાં પ્રવેશ મેળવતા પહેલાં રસીકરણ થયાનો પ્રમાણપત્ર રજૂ કરવું ફરજિયાત છે. જે ઓછા ઓછા 10 દિવસ પહેલાં લેવાયેલો હોય તે જરૂરી છે. આ હજયાત્રીઓના રસીકરણની કામગીરી ભુજની જનરલ હોસ્પિટલમાં કરવામાં આવી રહી છે. જેમાં નખત્રાણા, અબડાસા, લખપત અને ભુજના યાત્રિકોનો સમાવેશ થયો છે.

**N.P. આરતી ભટ્ટ**

---

## જિલ્લા-માવઠાથી મુશ્કેલી

સરહદી કચ્છ જિલ્લામાં કમોસમી વરસાદને પગલે માવઠા અને વાવાઝોડા રૂપી આફતથી જિલ્લા કૃષિ અને બાગાયતી ક્ષેત્રમાં વ્યાપક વિનાશ થયો છે. કચ્છના મહેનતકસ ખેડૂતોએ માવજતથી ઉગાડેલ કેસર કેરી, ખારેક, દાડમ સહિતના વૃક્ષોને નુકસાન થયું છે. હાલ સાઇક્લોનિક સર્ક્યુલેશનની અસર હેઠળ જિલ્લામાં આવેલા વાતાવરણીય બદલાવ માવઠાની આગાહીથી ધરતીપુત્રોમાં ઉચાટ ફેલાયો છે.

**N.P. આરતી ભટ્ટ**

---

## જી.કે. જનરલ : પુન: દ્રષ્ટિ

જી.કે.જનરલ અદાણી હોસ્પીટલમાં આંખ વિભાગ દ્વારા યુવાનની આંખમાં દુખાવો અને એકાએક તેની આંખની જ્યોતિ જતી રહેતા સારવાર મારફતે પુનઃ દ્રષ્ટિ આપી હતી. હોસ્પિટલના આંખ વિભાગના નિષ્ણાત ડો.અતુલ મોડેસરા એ કહ્યું કે, ધોળાવર ગામના ૩૫ વર્ષીય નૂરમામદની આંખની રોશની જતી રહેતા સારવાર માટે અત્રે આવતા તેનું એમ. આર.આઇ. થયું ત્યારે ઓપ્ટિક નર્વ (આંખની નસમં સોજો) હોવાનું નિદાન થયું. આંખ વિભાગના તબીબ ડો.નૌરીન મેમણે કહ્યું કે, આ રોગમાં આંખને ચેપ લાગવો, સ્વયં પ્રતિરક્ષા પ્રણાલી વિક્ષેપિત થવી, વિટામીનની ખામી જેવી અનેક બાબતોથી પણ આવું થતું હોય છે, પરંતુ જવાબદાર પરિબળો ઉપર અસર કરતી દવા આપી સારવાર કરાવવાથી રાહત મળે છે.

અદાણી મેલ

---